રજૂ તારીખ :૦૫/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ :૦૫/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ :૦૯/૦૩/૨૦૨૬.
અવધિ :વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૫.
આંક : .

**મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી પરચું. (મુદ્દામાલ) અરજી નંબર : ૧૮૯/૨૦૨૬.**

**અરજદાર :–** **ગફ્ફારખાન ઉર્ફે અબ્દુલ ગફ્ફારખાન રાજેખાન પઠાણ,**
રહેવાસી : ૧૫૫, પાદર ફળીયું, અનાવલ,
તાલુકો : અંબિકા (મહુવા), જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ વચગાળાના સમય માટે મુદ્દામાલ પરત મેળવવા બાબત.**

==================================================

**અરજદાર તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી એ. એસ. સૈયદ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) અરજદારની અરજીની હકીકત એવી છે કે, મહુવા પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૩૧૨૬૦૦૦૩/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪, ૧૧૮(૨) તથા અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ : ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) મુજબના ગુનાના કામે અરજદારની માલિકીની

હોન્ડા ડ્રીમ નીઓ સેલ્ફ એલોય મોટરસાઇકલ, રજી. નંબર : જી.જે.૧૯– એ.ઇ.૬૧૬૧ કબજે કરવામાં આવેલ છે, જે વાહન વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા માટે અરજદાર દ્વારા હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૨) હાલની અરજી સંદર્ભે અરજદારનાં વિ. વકીલ શ્રી એ. એસ. સૈયદની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, હાલના અરજદાર સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહનના કાયદેસરના માલિક છે. મુદ્દામાલ વાહન એ અરજદારનું રોજિંદા વપરાશનું સાધન છે અને જો તે પોલિસ સ્ટેશનમાં બિનવપરાશી હાલતમાં પડી રહે તો તેના ટાયર, ટ્યુબ, એન્જિનને નુકસાન થાય તેમ છે. મુદ્દામાલ અંગે અન્ય કોઈ દ્વારા કલેઈમ કરવામાં આવેલ નથી. સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે અને સદર ગુનાના કેસનો આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત મુદ્દામાલ પરત સોંપતા સમયે જે શરતો ફરમાવશે તેનું પાલન કરવાની અરજદાર ખાતરી આપે છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી મંજૂર કરતો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૩) સામાવાળા સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી. તેઓએ પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, જો મુદ્દામાલ અરજદારને પરત આપવામાં આવે તો તેનો ફરી અન્ય ગુનામાં ઉપયોગ થાય તેવી શકયતાને નકારી શકાય નહીં. સદર ગુનાના કેસની ટ્રાયલ સમયે ઓળખ માટે મુદ્દામાલની આવશ્યકતા ઊભી થાય તેમ છે, જેથી મુદ્દામાલ અરજદારને પરત આપી શકાય નહીં. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષકારોની દલીલો સાંભળી. અરજી સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધાં. પોલિસ અભિપ્રાય વંચાણે લીધો.

(૫) અરજદારે સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન વચગાળાના સમય માટે પરત મેળવવા માટે હાલની અરજી કરેલ છે. સદર ગુનાના કામે મુદ્દામાલ વાહન સંબંધે જરૂરી એવી તમામ તપાસ કરવા માટે તપાસનીશ અધિકારીને પૂરતો સમય પ્રાપ્ત થયેલ હતો, જે હકીકત ધ્યાને લેતાં મુદ્દામાલ વાહન અંગે વધુ કોઈ તપાસ કરવાની બાકી હોય તેમ

જણાતું નથી. વળી, સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે અને સદર ગુનાનો સ્પે. એટ્રોસીટી કેસ નંબર : ૨/૨૦૨૬ અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે. અરજદારે વાહનની માલિકી દર્શાવવા માટે આસ.સી. બૂકની નકલ રજૂ કરેલ છે, જે વંચાણે લેતાં મુદ્દામાલ વાહન અરજદારના નામે આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલ હોવાનું જણાઇ આવે છે. આમ, હાલના અરજદાર મુદ્દામાલ વાહનના કાયદેસરના માલિક હોવાનું પ્રથમદર્શને જણાઇ આવે છે. મુદ્દામાલ વાહન પરત નહીં સોંપવા અંગેનો અભિપ્રાય તપાસનીશ અધિકારીએ વ્યક્ત કરેલ છે. સદર ગુનાના આરોપી મુઆવિયા અબ્દુલ ગફ્ફારખાન પઠાણ કે જેઓ અરજદારના પુત્ર થાય છે, તેઓએ પુરસીસથી એવી હકીકત જાહેર કરેલ છે કે, મુદ્દામાલ વાહન અરજદારને પરત આપવામાં આવે તો તેઓને કોઇ વાંધો નથી. ગંભીર પ્રકારના ગુનામાં મુદ્દામાલનો ઉપયોગ થયેલ હોવાનું માનવામાં આવે તો પણ તેટલા કારણ માત્રથી મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે પરત ન સોંપવું એ યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. ટ્રાયલ સમયે જો મુદ્દામાલ વાહનની જરૂરિયાત ઊપસ્થિત થાય તો તે રજૂ કરવા અંગે યોગ્ય શરત મુદ્દામાલ પરત સોંપતી વખતે લાદી શકાય તેમ છે. અરજદારે મુદ્દામાલ વાહનની વચગાળાની કસ્ટડીની માંગણી કરેલ છે, કાયમી કસ્ટડી માંગેલ નથી. સદર મુદ્દામાલ વાહન અંગે અન્ય કોઇ વ્યક્તિ દ્વારા કોઇ કલેઇમ કરવામાં આવેલ હોય તેવું જણાતું નથી. સદર કામે અરજદારે જે મુદ્દામાલની માંગણી કરેલ છે તે એક વાહન છે, જે અરજદારના રોજિંદા વપરાશનું સાધન છે. મુદ્દામાલ વાહન બિનવપરાશી હાલતમાં પોલિસ સ્ટેશનમાં પડી રહે તો તેને નુકસાન થાય તેમ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો, કેસનું રેકર્ડ તથા ૨૦૦૩ (સુ.કો.), પાના નંબર : ૬૩૮, સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં મુદ્દામાલ વાહન અરજદારને યોગ્ય શરતોને આધિન વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવામાં આવશે તો ન્યાયની નેમ જળવાઇ રહેશે તેમ જણાય છે. આમ, ઉપરોકત હકીકતોને ધ્યાને લઇ હાલની અરજી સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) અરજદાર ગફ્ફારખાન ઉર્ફે અબ્દુલ ગફ્ફારખાન રાજેખાન પઠાણની હાલની ફોજદારી પરચુરણ (મુદ્દામાલ) અરજી નંબર : ૧૮૯/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) મહુવા પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧–૨૧૪૦૩૧૨૬૦૦૦૩/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪, ૧૧૮(૨) તથા અનુસૂચિત જાતિ–અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ : ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ), ૩(૨)(૫) મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ હોન્ડા ડ્રીમ નીઓ સેલ્ફ એલોય મોટરસાઇકલ, રજી. નંબર : જી.જે.–૧૯–એ.ઈ.૬૧૬૧ અંગે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમત કરતાં દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ અત્રેની અદાલતમાં રજૂ કર્યેથી મુદ્દામાલ વાહન નીચેની શરતોને આધિન અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

## –:: શરતો ::–

(૧) અરજદારે મુદ્દામાલ વાહન કેસ ચાલતાં દરમ્યાન કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇ પણ રીતે ટ્રાન્સફર કરવું–કરાવવું નહીં.

(૨) મુદ્દામાલ વાહન અત્રેની કોર્ટ જયારે અને જયાં જરૂર પડયે રજૂ કરવાનું ફરમાવે ત્યારે અને ત્યાં અરજદારે રજૂ કરવાનું રહેશે.

(૩) મુદ્દામાલ વાહનના ચારેય એંગલથી ફોટોગ્રાફ લઇ તે રજૂ કરવા.

(૪) અરજદારે મુદ્દામાલ વાહનનો કોઈ પણ ગુનાહિત કૃત્યમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં.

(૫) અરજદારે મુદ્દામાલ વાહનની ઓળખમાં કોઈ ફેરફાર કરવો–કરાવવો નહીં.

મુદ્દામાલ વાહન રિલીઝ કરવા અંગે સંબંધિત પોલિસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજ **તારીખ :** ૯ મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૯/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582